દાખલ થયા તારીખ : ૨૫/૦૬/૨૦૧૬
રજી. થયા તારીખ : ૨૫/૦૬/૨૦૧૬
ફેંસલ થયા તારીખ : ૧૮/૦૨/૨૦૨૦
સમયગાળો :– વર્ષ – માસ – દિવસ
**૦૩ ૦૭ ૨૩**

**મહે.પ્રિન્સી.સિનિયર સિવિલ સીવીલ જજ સાહેબશ્રીની અદાલત સમક્ષ,**
**મુકામ–સુરેન્દ્રનગર.**

**સ્પે.દિવાની કેસ નંબર : ૨૭/૨૦૧૬**
(દિવાની પરચુ.અરજી નં.૦૧/૨૦૧૫)
(દિવાની પરચુ.અરજી નં.૦૧/૨૦૧૬)
**આંક :– ૮૬**

**કંચનબેન વા/ઓ.નાનજીભાઈ પટેલ**
ડો/ઓ.રણછોડભાઈ કલ્યાણભાઈ પટેલ,
ઉ.વ.આ.૬૦,ધર્મે–હિન્દુ,ધંધો–ઘરકામ/ખેતી,
રહે.લખતર,જી.સુરેન્દ્રનગર. .....વાદી( મુળ અરજદાર).

વિરૂઘ્ધ

**(૧) ત્રિભોવનભાઈ રણછોડભાઈ,**
રહે.ઘણાદ,તા.લખતર,
**(૨) વસંતબેન રણછોડભાઈ,**
રહે.સવલાણા,તા.લખતર,
**(૩) કનૈયાલાલ રણછોડભાઈ,**
રહે.ઘણાદ,તા.લખતર,
તમામ જી.સુરેન્દ્રનગર. .....પ્રતિવાદીઓ(મુળ સામાવાળા).

**બાબત ::**– ઈન્ડીયન સકસેશન એકટની કલમ– ૨૭૬ હેઠળ વિલની રૂએ પ્રોબેટ મળવા અંગે.

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

**એડવોકેટસઃ–**
વાદી તરફે વિ.વશ્રી એમ.બી.ધ્રુવ.
પ્રતિવાદીઓ તરફે વિ.વ.શ્રી એન.બી.લખતરીયા.

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

**:: ઠ રા વ ::**

**(૧)** આ કામે વાદી(મુળ અરજદાર)ની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે,હાલની અરજી થતા પ્રતિવાદીઓ તરફે વાંધા રજુ કરતા સદર કેસ અત્રે ટ્રાન્સફર થઈને આવેલ છે. વાદી લખતર મધ્યે રહે છે તથા તેમના પિતાજી રણછોડભાઈ કલ્યાણભાઈ પટેલ (સાપાવાડીયા) લખતર તાલુકાનાં ગામ ઘણાદ મધ્યે રહેતા હતા અને તેઓ પણ ખાતેદાર ખેડુત હતા અને તેઓ તા.૧૫/૦૭/૨૦૦૯નાં રોજ અવસાન પામેલ છે. તેમના અવસાન સમયે લખતર તાલુકાનાં ઘણાદ મધ્યે ખાતા નં.૨૭૪ થી રે.સ.નં.૪ ૪૭/પૈકી–૧ જેનું ક્ષેત્રફળ હેકટરઃ ૧–૦૪–૨૩ પ્રતિ.આરે તથા રે.સ.નં.૪૮૧ જેનું ક્ષેત્રફળ ૦–૬૦–૮૧ પ્રતિ.આરે વાળી તથા વણાની રે.સ.નં.૧૮૬ પૈકી–૧ હે.૨–૭૫–૧૯ પ્રતિ આરે વાળી સીમ જમીન ધરાવતા હતા અને વાદી(અરજદાર) તેમની સારસંભાળ દેખભાળ કરતા અને તેમના માતુશ્રી વાલીબેન રણછોડભાઈ સાપાવાડીયા(પટેલ)ની પણ સારસંભાળ અને દેખભાળ પણ રાખતા હતા તેમજ તેમની વાવડાની સીમ જમીનની સંભાળ પણ તેઓ રાખતા હતા. લખતર તાલુકાનાં ઘણાદની સીમમાં સરકારશ્રીએ ફરી સર્વે કરેલ છે અને તે સર્વે મુજબ રેવન્યુ રેકર્ડ પણ બની ગયેલ છે. આ રી સર્વેમાં તેમના જોગની વીલમાં લખેલ રે.સ.નં.૪૪૭/પૈકી ૧નાં બદલે નવો સર્વે નં.૪૭૪ થયેલ છે અને આ જુના ક્ષેત્રફળ હે.૧–૦૪–૨૩ પ્રતિ આરેનાં બદલે નવો સર્વે નં.૨૫૯ હે.૦–૬૧–૨૩ પ્રતિ આરે થયેલ છે. જયારે વણામાં આવેલ સર્વે નં.૧૮૬ પૈકી ૧માં નવી સર્વે થયેલ નથી. વાદીનાં પિતાજીએ તેમની રાજીખુશીથી તેમની માલીકી વાળી મિલ્કતનું વીલ તા.૨૪/૧૨/૨૦૦૮નાં રોજ કરી આપેલ અને તેનાં સાક્ષી રૂપે ઈશ્વરભાઈ ગાંડાભાઈ પટેલ,રહે.રાજચરાડી વાળા તથા મણીલાલ ઈશ્વરભાઈ, રહે. લખતર વાળા હતા અને તે બન્ને સાક્ષીઓની રૂબરૂમાં વાદીનાં પિતાશ્રી રણછોડભાઈ કલ્યાણભાઈ સાપાવાડીયા(પટેલ)નાંઓએ અંગુઠો કરી

આપેલ અને તે અંગુઠો તેમના પતિ નાનજીભાઈ રણછોડભાઈ પટેલનાંઓએ બાંધી આપેલ. સદરહું વીલમાં તેમના પિતાજીએ ઉલ્લેખ કરેલ કે, આ વીલ તેમનાં માતુશ્રી વાલીબેન રણછોડભાઈનાં અવસાન બાદ અમલમાં આવશે અને તા.૦૪/૦૮/૧૪નાં રોજ વાદીનાં માતુશ્રી વાલીબેન રણછોડભાઈ પણ અવસાન પામેલ હોય આ વીલનો અમલ કરાવવા માટે વીલનું પ્રોબેટ મેળવવાની અરજી કરેલ છે. જેથી અરજીના અંતભાગે વાદીએ દાદ માંગતા જણાવેલ છે કે,વાદી(મુળ અરજદાર)ને તેમના પિતાજી રણછોડભાઈ કલ્યાણભાઈ પટેલ(સાપાવાડીયા) એ કરી આપેલ વીલનું પ્રોબેટ આપવા હુકમ કરી, તેઓને મળી શકતી આનુસંગીક દાદ આપવા અરજ કરેલ છે.

**(૨)** વાદી(મુળ અરજદાર)ની સદરહુ અરજી રજુ થતાં રજીસ્ટરે નોંધી, આંક–૦૧ ની અરજીમાં મારા પુરોગામી ન્યાયાધીશ સાહેબશ્રીએ કરેલ હુકમ મુજબ, સંદેશ, ગુજરાત સમાચાર અથવા દિવ્ય ભાસ્કર દૈનિક ન્યુઝ પેપર સુરેન્દ્રનગરની આવૃત્તિમાં નોટીસ પ્રસિધ્ધ કરવા તેમજ સિવિલ કોર્ટ, લખતર,લખતર બાર એસોસીએશન,ગ્રામ પંચાયત,તાલુકા પંચાયત, મામલતદાર કચેરી, લખતર,પ્રિન્સી.સીની.સી.જજ કોર્ટ સુરેન્દ્રનગર તથા કલેકટર કચેરી,સુરેન્દ્રનગર તથા ગુજરનાર છેલ્લે જયાં રહેતા હતા તે જગ્યાએ અરજીમાં જણાવેલ ગુજરનારની મીલ્કત ઉપર નોટીસ ચોડવા હુકમ કરવામાં આવેલ તે અનુસંધાને અરજદારે 'દિવ્ય ભાસ્કર' ગુજરાતી સમાચાર પત્રમાં અરજીની જાહેર નોટીસ તા. ૧૬/૦૯/૨૦૧૫નાં રોજ પ્રસિધ્ધ કરાવી તેની એક પ્રત આ કામે રજુ કરેલ છે.

**(૩)** સદર અરજી દિવાની પરચુ.અરજી નં.૦૧/૨૦૧૫થી રજીસ્ટરે લેવામાં આવેલ ત્યાર બાદ, પ્રિન્સી.સીનીયર સીવીલ કોર્ટ,સુરેન્દ્રનગર ટ્રાન્સફર કરવામાં આવતા તે દિવાની પરચુરણ અરજી નં.૦૧/૨૦૧૬થી રજીસ્ટરે લેવામાં આવેલ હતી.

**(૪)** આ કામની નોટીસ પ્રસિધ્ધ થતાં સામાવાળા તેમના વિ.વ.શ્રી મારફતે અદાલત સમક્ષ હાજર થયેલા છે અને આંક–૧૫ થી લેખીત જવાબ રજુ રાખેલ છે તેમજ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા બાદ સદરહુ અરજી અંગે સામાવાળા નં. ૧ થી ૩ તરફે આંક–૧

૫થી વાંધા–જવાબ ફાઈલ કરતાં સદરહુ અરજી તકરારી રહેલ હતી તેમજ સ્પે.દિવાની કેસ નં.૨૭/૨૦૧૬થી રજીસ્ટરે લેવામાં આવેલ.

અહીં, વાદીની અરજી વિરૂધ્ધ આ કામના પ્રતિવાદીઓએ આંક–૧૫ થી લેખીત સ્વરૂપે રજુ રાખેલ જવાબ–વાંધાની વિગતો ધ્યાને લેતાં તેમાં અરજીનો મહદઅંશે અને સામાન્ય રીતે ઈન્કાર કરતાં દાવા અરજી ખર્ચસહીત રદૃ કરવા વિનંતી કરેલ છે તથા મુખ્યત્વે જણાવેલ છે કે, વાદગ્રસ્ત જમીન ગુજરનાર ધરાવતા હતા પરંતુ, અરજદાર તેમની સાર સંભાળ અને દેખભાઈ કરતા હોવાની હકીકત તદૃન ખોટી ઉપજાવી કાઢેલ છે. વાંધેદાર નં.૩ સાથે તેમના માતા પિતા વર્ષોથી રહેતા હતા અને રે.સ.નં.૪૪૭ તથા ૪૮૧ પણ વાદી નં.૩નાં જ ખેડીને ઉપજ નીપજ મેળવતા આવે છે. અરજદાર કયારેય ઘણાદ આવેલા નથી.અરજદારનાં લગ્નને ૪૦ વર્ષ થઈ ગયા છે અને તેઓ તેમના સાસરે ૪૦ વર્ષથી છે તેથી ઘણાદ આવી ખેતરોની સંભાળ લ ેવાનો પ્રશ્ન નથી. અરજદારનાં પિતાજીએ વીલ કરેલ નથી તા.૨૪/૧૨/૦૮ વાળું વીલ ખોટુ ઉભુ કરેલ છે તેમાં તેમના પિતાશ્રીના અંગુઠાનું નિશાન નથી. તેમના પિતાશ્રીની શારીરીક માનસિક સ્થિતી સારી ન હતી. માનસીક બિમારીથી પીડાતા હતા. બન્ને ખેતરો વડીલોપાર્જીત મિલ્કત છે અને ગુજ.રણછોડભાઈ કલ્યાણભાઈને આવો વીલ કરવાનો પણ હકક કે અધિકાર ન હતી. વાદગ્રસ્ત ખેતરો અંગે રેવન્યુ રેકર્ડાં વારસાઈ નોંધ પડી ગયેલ છે અને તે મુજબ વાદગ્રસ્ત ખેતરો વારસાગત મઝીયારા વણ વહેંચાયેલ હોવાથી તમામ વારસદારોનો હકક હિત અને હિસ્સો પોષાય છે. જેથી, અરજદારની અરજી રદ કરવા અરજ કરેલ છે.

**(૫)** આ કામે વાદી પક્ષે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

**<u>મૌખિક પુરાવો</u>**

૧) આંક–૪૨ થી વાદી–કંચનબેન નાનજીભાઈ પટેલનું પુરાવાનું સોગંદનામુ.

૨) આંક–૬૨ થી સાહેદ ઈશ્વરભાઈ ગાંડાભાઈ પટેલનું પુરાવાનું સોગંદનામું.

૩) આંક–૬૪ થી સાહેદ મણીલાલ ઈશ્વરભાઈ પટેલની સોગંદ ઉપરની જુબાની.

**<u>દસ્તાવેજી પુરાવા</u>**

૧) આંક–૪૪ થી વસીયતનામું(વીલ) અસલ.

૨) આંક–૪૫ થી ગુજ.રણછોડભાઈ કલ્યાણભાઈનાં મરણનું પ્રમાણપત્ર.

૩) આંક–૪૬ થી ગુજ.વાલીબેન રણછોડભાઈનાં મરણનું પ્રમાણપત્ર.

૪) આંક–૪૭ થી મોજે ઘણાદ ખાતા નં.૩૭૪નાં ગામનમુના નં.૮–અનો ઉતારો.

૫) આંક–૪૮ થી મોજે ઘણાદ સર્વે નં.૨૫૯નાં ગામનમુના નં.૭નો ઉતારો.

૬) આંક–૪૯ થી મોજે ઘણાદ સર્વે નં.૪૭૪નાં ગામનમુના નં.૭નો ઉતારો.

૭) આંક–૫૦ થી મોજે વણા ખાતા નં.૨૦૩નાં ગામનમુના નં.૮–અનો ઉતારો.

૮) આંક–૫૧ થી મોજે વણા સર્વે નં.૧૮૬ પૈકી ૧નાં ગામનમુના નં.૭નો ઉતારો.

ત્યાર બાદ વાદી પક્ષે તેઓના વિ. વ. શ્રી ધ્વારા આંક–૬૬ થી વિશેષ પુરાવો આપવા માંગતા નથી તેમ જાહેર કરી કલોઝીંગ પુરસીસ રજુ રાખેલ છે.

**(૬)** આ કામે પ્રતિવાદી પક્ષે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

**મૌખિક પુરાવો**

૧) આંક–૭૦ થી પ્રતિવાદી નં.૩ કનૈયાલાલ રણછોડભાઈનું પુરાવાનુ સોગંદનામુ.

**દસ્તાવેજી પુરાવા**

૧) આંક–૭૨ થી મોજે વણા હકક પત્રક ગામ ન.ની નોંધ નં.૩૬૩ની નકલ.

૨) આંક–૭૩ થી મોજે વણા હકક પત્રક ગામ.ન. નોંધ નં.૯૯૨ની નકલ.

૩) આંક–૭૪ થી મોજે વણાહકકપત્રક ગામન.ની નોંધ નં.૧૧૧૭ની નકલ.

૪) આંક–૭૫ થી મોજે ઘણાદ ખાતા નં.૨૭૪નાં ન.ની નં.૮–અની નકલ.

૫) આંક–૭૬ થી મોજે ઘણાદ ગામ નમુના નં.૬ નોંધ નં.૧૦૩૮૩ની નકલ.

૬) આંક–૭૮ થી મોજે વણા હકક પત્રક નોંધ નં.૧૮૩૧ની નકલ.

૭) આંક–૭૯ થી મોજે ઘણાદ હકક પત્રક નોંધ નં.૪૯૭ની નકલ.

૮) આંક–૮૦ થી નોંધ નં.૨૩૬૬નાં ઉતારાની નકલ.

ત્યાર બાદ,પ્રતિવાદી પક્ષે તેઓના વિ. વ. શ્રી ધ્વારા આંક–૮૧થી વિશેષ પુરાવો આપવા માંગતા નથી તેમ જાહેર કરી કલોઝીગ પુરસીસ રજુ રાખેલ છે.

**(૭)** આ કામે વાદી પક્ષે વિ.વ.શ્રી એમ.બી.ધ્રુવે એવી રજુઆત કરેલ છે કે, વાદી રણછોડભાઈ કલ્યાણભાઈના દિકરી છે અને રણછોડભાઈએ તેમની રાજીખુશીથી દાવાવાળી મીલકતનુવીલ તા.૨૪–૧૨–૦૮ ના રોજ કરી આપેલ છે. આ વીલમા તેમના માતુશ્રી વાલીબેન નવધણભાઈના અવશાન બાદ અમલમા આવશે તેવી જોગવાઈ કરેલ છે અને વાલીબેન તા.૪–૮–૧૪ નારોજ અવશાન પામેલ છે. અને વાદીના પીતાશ્રીએ તેમના વાવડાની જમીન વાદી તરફે વીલ કરી આપેલ છે. વાદીના પિતાએ તેમની મિલકતની વહેચણી કરી આપ્યા બાદ દાવાવાળી મિલકત વાવડાની રાખેલી જે હિન્દુ સકશેશન એકટની કલમ–૩૬૮(૩) મુજબ સ્વ પાર્જીત મીલકત ગણાય અને વાદીની સાથે તેઓને ગાઢ સબંધ હોય લાગણી અને પ્રેમ હોય તેઓએ વિલ કરી આપેલ છે. વિલ એ સીકરેટ ડોકયુમેન્ટ છે. અને તેમની હૈયાતીમા આ હકિકત બહાર પડે તો ધણા બધા પ્રશ્નો ઉપસ્થિત થાય અને ભરોસાપાત્ર વ્યકિતની રુબરુમા જ વિલ કરી શકાય વિલ રજીસ્ટર્ડ હોવુ કે કોઈ ચોકકસ ફોર્મમા ભરવુ તેવી જરુરીયાત નથી. અને આ વિલના શાક્ષીઓ આ વીલ થયાનુ તેમની જુબાનીમા જણાવેલ છે. આ વાવડાની મિલકત રણછોડભાઈએ પોતાની ખોરાકી માટે અને તેમની પત્નીની જીવાઈ માટે રાખેલી અને અરજદારને તેમના પત્ની જીવે ત્યા સુધી આ મીલકત તેમની પત્ની પાસે અને ત્યાર બાદ વિલથી વાદીને મળે તેવી જોગવાઈ કરેલ છે. આ વિલ ખોટુ કર્યુ છે તે સાબીત કરવાનો બોજો તેવુ કે જેના પર રહેલ છે. જે દલીલના સર્મથનમા તેઓએ સાવીત્રી અને બીજા વીરૂધ્ધ કરથ્યાયાની અમ્મા અને બીજા એ.આઈ.આર ૨૦૦૮ એસ.સી. પાના નં. ૩૦૦,દોલતરામ અને બીજા વીરૂધ્ધ સોઢા અને બીજા એ.આઈ.આર ૨૦૦૫ એસ.સી. પાના નં. ૨૩૪ ના ચુકાદા રજૂ રાખેલ છે તથા પ્રતિવાદી તરફે વિ.વશ્રી એન.બી.લખતરીયાની દલીલો સાંભળી જેમા તેઓએ જણાવેલ છે કે આ કામે રજુ થયેલ આંક–૪૪ નુ વિલ વાદીએ ઉભુ કરેલ છે જેમા અરજદાર માલીક અને કબજેદાર નથી તેવુ જણાવેલ નથી. દાવાવાળી મિલકત વડીલોપાર્જીત મીલકત હોય જેમાથી પ્રતિવાદીને વારસાઈ હકક સમાયેલ છે. આ કામે થયેલ જુબાનીમા રણછોડભાઈ બીમાર રહેતા હતા તેવુ તે વાતને સર્મથન મળેલ

છે. આ કામના વાદીના પતીએ વિલ લખેલ છે અને તેઓએ રણછોડભાઈનો અંગુઠો બાધેલ છે જેને વાદીએ સાક્ષી તરીકે તપાસેલ નથી. વિલના એક સાક્ષીએ બીજા સાક્ષીથી વિરોધાભાષી જુબાની આપેલ છે અને વિલના સાક્ષી વાદીના પતીના સગા છે અને તેઓને વાદીના પતીને અને આવેલા આમ વાદી અને તેમના પતી અને સાક્ષીઓ વિલ ઘડનારના સાક્ષીઓ છે. અને સામાન્ય વિલ જેવુ લખાવુ જોઈએ તેવુ આંક–૪૨ ના વિલમા લખાણ નથી વિલમા તેમની દીકરીને બધી મિલકત આપી દીધેલ છે અને તેમના પુંત્રોને તેનાથી વંચીત રાખવામા આવેલ છે. આ આ બાબત અસામાન્ય બાબત ગણાય. આંક–૪૨ નુ વિલ શંકાસ્પદ સંજોગોમા કરવામા આવેલાનુ જણાઈ આવે છે અને જયારે વિલ શંકાસ્પદ સંજોગોમા તૈયાર થયેલ હોય અને જેન્યુઅન ન હોય ત્યારે વિલનુ પ્રોબેટ આપી શકાય નહી જે દલીલના સર્મથનમા તેઓએ એ.આઈ.આર.૧૯૯૦ (એસ.સી) પાના નં.૩૯૬ કલ્યાણસીહ વિરુધ્ધ શ્રીમતી છોટીનો ચુકાદો રજુ રાખેલ છે.

(૮) ઉપરોકત હકીકતે આંક–૨૮થી નીચે મુજબના મુદ્દાઓ ઘડવામાં આવેલા છે.

1. Whether the plaintiff proves that she is legal heir of deceased anchhodbhai Kalyanbhai Sapavadiya(Patel) who has died and had made will in favour ofher mother Valiben Ranchhodbhai and after the death of Valiben Ranchhodbhai the plaintiff is entitled to received properties as per will of her father ?
2. Whether the defendant proves that partition of land is made during the life time of Ranchhodbhai Kalyanbhai and on behalf of defendant Kanayalal Ranchhodbhai just cultivating the field and was taking crops from that ?

3. Whether the defendant proves that so called will is brought up, false and bogus and the thumb impression made in that will is not of father of the defendant ?
4. Whether the defendant proves that applicant has filed this application without showing full details of family and by suppression material facts and hence it is not tenable ?
5. Whether the plaintiff is entitled for interest as prayed for ?
6. What order and decree ?

**(૯)** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય કારણો સહિત નીચે મુજબ છે.

૧) નકારમા

૨) હકારમા

૩) હકારમા

૪) હકારમા

૫) નકારમા

૬) આખરી હુકમ મુજબ.

<u>કા ર ણો</u> **::– મુદા ન.૧ થી ૫ :–**

સદર મુદા ન.૧ થી ૫ પરસ્પર એકબીજાની સાથે સંકળાયેલા હોય હકિકતોનુ પુનરાવર્તન ન થાય તેથી સરળતા ખાતર ઉપરોકત તમામ મુદાઓની ચર્ચા એકી સાથે કરવામા આવે છે.

**(૧૦)** આ કામે વાદી કંચનબેન નાનજીભાઈ પટેલે આંક–૪૨ થી પુરાવાનુ સોગંદનામુ રજુ રાખેલ છે તેમા તેઓએ દાવા અરજી મુજબની હકિકતો જણાવેલ છે.

જયારે પ્રતિવાદી તરફે કરેલ ઉલટ તપાસમા તેઓએ એ સ્વિકારેલ છે કે, તેઓ બે બહેનો અને બે ભાઈઓ છે. સૌથી મોટા ત્રીભોવનભાઈ ત્યાર પછી બહેન વસંતીબેન પછી તેઓ અને ત્યારબાદ તેમનો નાનો ભાઈ છે.તેમની હાલમાં ઉમંર ૬૨ વર્ષ છે.તેઓ ધોરણ ૭ સુધી ભણેલ છે .તેમના પતિનું નામ નાનજીભાઈ રણછોડભાઈ છે.તેઓ શીક્ષક તરીકે નોકરી કરતા હતા.તેઓએ સૌ પ્રથમ ગંજેળા મુકામે ત્યારબાદ સરવાળ પછી સવલાણા મુકામે નોકરી કરેલ.અત્યારે તેઓ લખતર મુકામે રહે છે. તેમના પતીના નામે બે ખેતર છે.તેમને બે દીકરી અને એક દીકરો છે.સૌથી મોટી દીકરી નામે દક્ષા છે.બીજા નંબરે દીકરો નામે સુનીલ છે.અને ત્રીજા નંબરે દીકરી નામે ગાયત્રી છે.તેમના પિતાનું નામ કલ્યાણભાઈ વાલજીભાઈ હતુ.તેઓએ એ હકિકતનો સ્વિકાર કરેલ છે કે તેમના દાદાએ ત્રણ ભાઈઓ હતા જેઓના નામ કલ્યાણભાઈ,લક્ષ્મણભાઈ અને ધરમશીભાઈ છે. તેમનો જન્મ ઘણાદ મુકામે થયેલો. તેઓને એ ખબર નથી કે તેમના પર દાદા વાલજીભાઈ ભગવાનભાઈને વણા સ્ટેટ તરફથી ખેતરો મળેલા. તેમજ વાલજીભાઈ ભગવાનભાઈ ગુજરી જતા તેમના ખેતરો કલ્યાણભાઈ વાલજીભાઈ,લક્ષમણભાઈ વાલજીભાઈ અને ધરમશીભાઈ વાલજીભાઈને ખાતે આવેલા.તેમજ તેમના દાદા ને ચાર દીકરા રણછોડભાઈ,કરમશીભાઈ, ખુશાલભાઈ અને ભાવજીભાઈ હતા. તેમજ કલ્યાણભાઈને ભાગે જે આવેલ તે જમીનના તેમના દીકરાઓ વચ્ચે ચાર ભાગ પડેલા.જે વહેચણી માં આવેલ જમીન પૈકી સર્વે નંબર ૪૪૭ પૈકી ૧ અને ૪૮૧ વાળી જમીન રણછોડભાઈના ભાગે આવેલ તેઓને એ ખબર નથી કે વણા ની સીમના સર્વે નં.૧૮૬ ની જમીન કલ્યાણભાઈએ અઘાટ વેચાણ રાખેલી.તેમને એ ખબર નથી ક વણાની સીમના સર્વે નંબર ૧૮૬ ની જમીન કલ્યાણભાઈએ રણછોડભાઈ,કરમશીભાઈ, ભાવજીભાઈ અને હરજીભાઈ ખુશાલભાઈને વેચાણમાં આપેલી. તેમના પતિ કઈ સાલમાં નિવૃત થયેલા તે સાલ યાદ નથી. તેમજ તેમના નીવૃતીની જે રકમ આવેલી તે તેમના પિતાના નામે મુકેલી. તેમજ તેમના પિતા ગુજરી ગયા તે પહેલા ૭–૮ મહીના બીમાર રહેલા તેમજ તેમના પિતાને સુરેન્દ્નગર ટી.બી.હોસ્પીટલમાં દાખલ કરેલા અને ૧૩ દીવસ આઈ.સી.યુ.દાખલ કરેલા. તેમજ તેમના પિતા ગુજરી ગયાૉ તેના ૪–૫ દીવસ પહેલા આઈ.સી.યુ.માથી રજા આપેલી.તેમજ તેઓએ એ હકિકતનો ઈન્કાર કરેલછે કે તેમના પિતા ગુજરી ગયા ૭–૮ મહીના બીમાર રહેલા તે દરમ્યાન તેઓ સભાન ન હતા.

તેમની દીકરી ગાયત્રીના લગ્ન આજથી આશરે ૧૨ વર્ષ પહેલા થયેલા આ લગ્ન બાદ તેઓ તેમના ભાઈઓને ત્યાં આવતી જતી ન હતી. તેઓએ એ હકિકત સ્વિકારેલ છે કે તેમના માતા પિતા તેના ભાઈ કનૈયાલાલ પાસે રહેતા હતા.તેમજ કનૈયાલાલ તેમના માતા પિતાની દેખરેખ રાખતા હતા. તેમના પિતા ગુજરી ગયા ત્યારે તેમની ઉમંર કેટલી હતી તેની તેમને ખબર નથી. તેમજ તેમના પિતા ગુજરી ગયાના ૨૦–૨૫ વર્ષ પહેલાથી ખેતી કામ કરતા ન હતા.તેમજ તેમના પિતાજી તેમની હયાતીમાં તેમના ખાતે ચાલતા બધા ખેતરોની વહેચણી કરેલી. તેમજ કનૈયાલાલના ભાગમાં આવેલા ખેતરો કનૈયાલાલ ખેડતા હતા. સર્વે નં.૪૮૧, ૪૪૭ પૈકી૧ અને ૧૮૬ વાળા ખેતરો કનૈયાલાલ ખેડતા હતા. તેમજ સર્વે નં.૪૮૧,૪૪૭ પૈકી૧ અને ૧૮૬ વાળા ખેતરો તેઓએ કોઈ દીવસ ખેડેલ નથી કે તેઓએ કોઈને ખેડવા આપેલ નથી. તેમજ તેમના પતિએ નીવૃતીની રકમ તેમના પિતાના નામે મુકેલ હોઈ તે રકમ ઉપાડવા માટે અવાર નવાર તેમના પતિ તેમના પિતાનો અંગુઠો લેવા તેમના પિતા પાસે જતા હતા. તેમજ તેમના પતિના નામે આવેલ જમીન મણીલાલ ઈશ્વરભાઈ ખેડતા હતા. તેમજ તેઓ તેમના પતિના કાયમી ખેડુત હતા અને તેમની સાથે ઘર જેવા સબંધ હતા.ઈશ્વરભાઈ ગાંડાભાઈ રાજચરાડી ગામના છે. તેમજ રાજચરાડી ગામ લખતરથી ૩૦–૪૦ કીલોમીટર થાય.તેમજ ઈશ્વરભાઈ ગાંડાભાઈ સાથે તેમના પતિને નાણાકીય વ્યહહારો થતા.એ વાત ખરી નથી કે તેમના પતિએ કોરા કાગળમાં તેમના પિતાનો અંગુઠો લઈ ખોટુ વીલ ઉભુ કરેલ છે.એ તેમજ તેમના પિતાજીએ અરજી વાળુ વીલ કરેલાનો ઈન્કાર કરેલ છે. તેમજ તેમના પતિએ અને સાક્ષીઓએ ભેગા મળીને ખોટુ વીલ ઉભુ કરેલ છે

**(૧૧)** .આ કામે આંક–૪૨ થી વિલ રજુ રાખેલ છે તેના સાહેદ ઈશ્વરભાઈ ગાંડાભાઈ પટેલે આંક–૬૨ થી પુરાવાનુ સોગંદનામુ રજુ રાખેલ છે જેમા તેઓએ જણાવેલ છે કે તેઓ રણછોડભાઈના ખાસ સબંધી હતા અને તા.૨૪–૧૨–૦૮ ના રોજ તેમની ખબર પુછવા ધણાદ મુકામે ગયેલા અને તેઓ બેઠા હતા ત્યારે તેમના જમાઈ નાનજીભાઈ લખતરના મણીભાઈ ની સાથે આવેલા અને રણછોડભાઈએ જણાવેલ કે, તેમના અવશાન બાદ તેમની ખેતીની જમીન તેમની દીકરી કૂંચનને આપી છે તેથી રણછોડભાઈએ એક કાગળ આપી તેમના જમાઈ

તેઓજેમ બોલે તેમ લખતા અને ત્યાર બાદ તેમને વાચી સંભળાવેલાની અને તેમના અગુઠાનુ નીશાન લીધેલુ અને સાક્ષીમા આ સાહેદ તથા મણીલાલે સહી કરેલી તે દિવસ ે રણછોડભાઈની તબીયત સારી હતી અને તેઓ શારીરીક અને માનસીક રીતે સ્વસ્થ હતા તેઓની પ્રતિ.ના વિ.વ.શ્રીએ કરેલ ઉલટ તપાસમા તેઓએ જણાવેલ છે કે રાજચરાડી થી ઘણાદ ૧૦ કી.મી. થાય.રાજચરાડી અને ઘણાદ વચ્ચે ગંજેળા ગામ આવે છે.ગંજેળા ગામમાં લેઉવા પટેલના ઘર છે.રાજચરાડીમાં તેમની પાસે ૧૨ એકર ખેતીની જમીન છે.નાનજીભાઈ રણછોડભાઈ સાથે ૪૦ થી ૪૫ વર્ષ પહેલાના સબંધ છે.નાનજીભાઈ ગંજેળામાં હાઈસ્ક નાનજીભાઈ તથા અમારે ઘરે આવવા જવાના સબંધો છે.કાપડ લઈને તેઓ ધણાદ જતો હતો એટલે ઘણાદ વાળને તેઓને ઓળખે છે.નાનજીભાઈ સાથે સબંધમાં શીક્ષક તરીકે હતો અને તેઓ તેમની નીચે ભણતો હતો.તેમજ તેમની સાથે પૈસાની લેતી દેતીના સંબધો હતા.તેઓ નોન મેટ્રીક ભણેલો છે. તેમને અંગ્રેજી લખતા વાંચતા થોડુ થોડુ આવડે. તેમજ તેઓને સહી કરવાનું થાય તો ગુજરાતીમાં સહી કરતા હતા સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે અંગ્રેજીમાં આઈ.જી.પટેલ લખતો.

તેઓ ૨૪/૧૨/૨૦૦૮ ના રોજ ઘણાદ ગામે ગયેલા તેઓએ એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે નાનજીભાઈ રણછોડભાઈએ તેમને ફોન કરેલો તેઓ ઘણાદ ગયા ત્યારે ત્યાં તેઓ એકલા રણછોડભાઈ સાથે બેઠેલા હતા અને ત્યારપછી નાનજીભાઈ સાહેબ અને મણીલાલભાઈ આવેલા.એ સીવાય બીજા ઘરના માજી હતા અને એક દીકરી હતા.આ માજીનું નામ આવડતુ નથી તે રણછોડભાઈના ઘરેથી હતા અને એક દીકરી કાપડ જોવા આવેલી તે જોઈને નીકળી ગયેલી.રણછોડભાઈને કેટલા દીકરા છે તેની તેમને ખબર નથી તેમાથી બેના નામ તેમને ખબર છે જે ત્રીભોવનભાઈ રણછોડભાઈ અને કનાભાઈ રણછોડભાઈ છે.રણછોડભાઈને બે દીકરીઓ છે.રણછોડભાઈ જુદા રહેતા હતા.રણછોડભાઈની ભેગા કોઈ દીકરા રહેતા ન હતા. રણછોડભાઈની ઉમર ૨૦૦૮ માં ૭૦–૭૫ વર્ષ જેટલી હશે.અને તેમના પત્નીની ઉમર રણછોડભાઈથી પાંચ વર્ષ ઓછી હતી. તેમજ તેઓએ એ હકિકતનો સ્વિકાર કરેલ છે કે ઘણાદ ગામમાં પટેલના ઘણા ઘર છે. તેમજ રણછોડભાઈ કાને ઓછુ સાંભળતા અને તેમની તબીયત બરોબર ન હતી .રણછોડભાઈની બાજુમાં કોણ રહે છે તેની તેમને ખબર નથી.તેમની આજુબાજુમાં પટેલ રહે છે. તેઓ રણછોડભાઈને

ઘરે બેઠા હતા તેના અડધા કલાકમાં નાનજીભાઈ અને મણીલાલભાઈ આવેલા. તેમજ રણછોડભાઈની સાથે તેમના દીકરા કાનાભાઈ ભેગા રહેતા હતા.

રણછોડભાઈને ખાતે ત્રણ ખેતર હતા. તેમજ તેઓએ એ હકિકતનો સ્વિકાર કરેલ છે કે અગાઉ તેઓએ લખતર કોર્ટમાં સોગંદનામુ કરેલુ.તેમને માર્ક ૯/૧ વાળુ સોગંદનામુ બતાવવામાં આવે છે તે જોઈને કહે છે કે તેમા તેઓની સહી છે.આ સોગંદનામુ તા.૦૮–૧૦–૨૦૧૫ ના રોજનું છે.જે ઉલટ તપાસમાં રીફર કરી રજુ રાખુ છુ. તેમજ તેઓ આખી સહી કરતા નથી. તેમજ લખતર આખી સહી કરેલી.સુરેન્દ્રનગરમાં આખી સહી કરેલી. તેમજ લખતર કોર્ટવાળા સોગંદનામામા રણછોડભાઈ કલ્યાણભાઈએ તેમની રૂબરૂમાં તેમના જમાઈ નાનજીભાઈ રણછોડભાઈને જણાવેલ કે તેમના અવસાન બાદ તેમની ખેતીની જમીન દીકરી કંચનને આપવી છે તો તેઓ કહે છે તેમ લખાણ કરી દો અને રણછોડભાઈ કલ્યાણભાઈએ કાગળ આપીને તેમના જમાઈને જેઓ બોલે તેમ લખવા જણાતા તેમના જમાઈ નામજીભાઈ રણછોડભાઈએ તે મુજબ લખાલ કરેલ લખાવેલ તેમજ નાનજીભાઈ રણછોડભાઈ કાગળ લખી તૈયાર કાગળ લઈને આવેલા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ત્યાં આવીને લખેલ. તેમજ તેઓએ સ્વિકારેલ છે કે નાનજીભાઈ, રણછોડભાઈના જમાઈ છે. તેમજ તેમની રૂબરૂમાં વીલ થયેલ નથી અને તેઓએ સહી કરેલ નથી.તેમજ તેમની રૂબરૂમાં મણીભાઈએ સહી કરેલી નથી. તેમજ નાનજીભા તેમના સબંધી થતા હોય ખોટી જુબાની આપતા હોવાનુ જણાવે છે.

**(૧૨)** .આ કામે આંક–૪૨ થી વિલ રજુ રાખેલ છે તેના સાહેદ મણીલાલ ઈશ્વરભાઈ પટેલે આંક–૬૪ થી સોગંદ ઉપર જુબાની આપેલ છે જેમા તેઓએ જણાવેલ છે કે, વાદીને ઓળખે છે અને તેમનુ પીયર ધણાદ ગામ છે. તેમના પિતાનુ નામ રણછોડભાઈ છે જે હાલમા હૈયાત નથી આઠથી દશ વર્ષ પહેલા હયાત હતા ત્યારે અમારે રણછોડભાઈ ને ત્યાં ધણાદ જવાનું થયેલ. ધણાદ હું તથા નાનજીભાઈ ગયેલા. નાનજીભાઈ કંચન બેન ના પતિ થાય છે. તેઓ ધણાદ ગયા ત્યારે રણછોડભાઈ ની ઉમર આશરે ૮૦–૮૫ વર્ષની હશે. તેઓ નાનજીભાઈ ની સાથે તેમના સસરા રણછોડભાઈ ની ખબર કાઢવા ગયેલા.તેઓઅને નાનજીભાઈ રણછોડભાઈના ઘરે ગયા ત્યારે ઈશ્વરભાઈ આવેલા. આ ઈશ્વરભાઈ ચરાડી ગામના

છે.તેઓ રણછોડભાઈ ના ત્યાં ગયેલા ત્યારે રણછોડભાઈ એ કહેલું કે તેઓને કંચનબેનને લખી આપવાનું છે તેવુ કહેલ ત્યારબાદ રણછોડભાઈ એ કહેલ તે પ્રમાણે નાનજીભાઈએ લખાણ લખેલ અને ત્યારબાદ આ લખાણ નાનજીભાઈએ વાંચેલ, અને તે લખાણમાં રણછોડભાઈ એ અંગુઠો કરેલો. તે અંગુઠો નાનજી ભાઈ એ બાંધેલો. જેમાં પહેલા ઈશ્વરભાઈ એ સહિ કરેલી અને પછી તેઓએ ં સહિ કરેલી. તેમને આંક–૪૪ જોઈને જણાવેલ છે કે તેમા મણિલાલ ઈશ્વરભાઈ તરીકે તેમને સહિ કરેલી છે અને તેમાં ઉપર તારીખ પણ લખેલ છે. તેઓ ખબર કાઢવા ગયા ત્યારે રણછોડભાઈ ની તબિયત સારી હતી.

**(૧૩)** વાદીના વિ.વ.શ્રીએ કરેલ ઉલટ તપાસમા તેઓએ એવી હકિકત જંણાવેલ છે કે લખતરથી ઘણાદ દસ–અગિયર કીમી જેટલું થાય.તેઓ પટેલ જ્ઞાતીના છે અને તેઓ નાનજીભાઈ ને પંદર વષર્નથી ઓળખે છે. નાંનજીભાઈ સવલાણા ગામે શીક્ષક હતા. તેઓને ખેતીની જમીન હતી. આ ખેતીની જમીન તેઓ વાવણી કરવા રાખતા હતા. જે આશરે દશ વર્ષ ઉપરાંતથી વાવવા રાખતા હતા.તેઓ સાત ધોરણ ભણેલા છે. તેમજ તેઓ ઘણાદ પહેલી વાર ગયેલા તેમજ નાનજીભાઈ ના કહેવાથી તેઓં તેમની સાથે ગયેલો. તેમજ ઘણાદમાં ઘણા બધા પટેલના ઘર છે. અને ઘણાદમાં નાનજીભાઈ ના પણ ઘણા બધા પટેલ સગાં છે. તેમને ગુજરાતી કાના–માત્ર વગરનું લખતા ફાવે છે. તેમજ તેઓ પહેલા પહોંચેલા ત્યારબાદ ઈશ્વરભાઈ આવેલા. તેઓ પહોંચેલા બાદ અડધો–પોણો કલાક પછી ઈશ્વરભાઈ આવેલા. એવું બનેલ નથી કે ઈશ્વરભાઈ પહેલા આવી ગયેલા ત્યારબાદ તેઓ પહોંચેલા. રણછોડભાઈને બે દીકરા છે તેનો તેમને ખ્યાલ છે. તેઓ રણછોડભાઈ ના ઘરે ગયાત્યારે ત્યાં એક બેન હતા જેમને તેઓ ઓળખતા નથી.તેમજ તેઓએ એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે આ આંક–૪૪ વાળુ લખાણ નાનજીભાઈ લખતરથી તૈયાર કરીને લાવેલા. તેમજ રણછોડભાઈ એ લખાણ લખાવેલ તેઓની રૂબરૂ કોઈ લખાણ કરેલ નથી અને તેમાં તેઓએ સહિ કરેલ નથી.

**(૧૪)** આ કામે પ્રતિ.નં.૩ કનૈયાભાઈ રણછોડભાઈ પટેલે આંક–૭૦ થી પુરાવાન સોગ્ંદનામુ રજુ રાખેલ છે. જેમા તેઓએ તેમના જવાબ મુજબની હકિકત

જણાવેલ છે. તેઓની વાદી તરફે થયેલ ઉલટ તપાસમા તેમણે જણાવેલ છે કે, તેમના બાપુજીનું નામ રણછોઠભાઈ કલ્યાણભાઈ છે. તેઓ બે ભાઈ બે બહેન છે. આ કામના વાદી તેમના સગા બહેન થાય છે. તેમજ રણછોડભાઈ કલ્યાણભાઈ ઘણાદની સીમમાં અને વણાની સીમમાં ખેતીની જમીન ધરાવતા હતા. તેમજ તેઓએ એ હકિકતનો સ્વિકાર કરેલ છે કે આ બંને ગામની સીમ જમીન ના સંયુકત ખાતાની તેમના પિતાશ્રી એ બે દિકરાઓ વચ્ચે વહેચણ કરેલ. આ વહેચણ ઘણા વર્ષ પહેલા કરેલ છે. અને રેવન્યુ રેકર્ડમાં પણ વહેચણ મુજબ તેઓના બંને ભાઈઓના ભાગે આવેલ જમીન બંને ભાઈઓ ના ખાતે ચાલે છે. તેમજ તેમના પિતાશ્રી ના નામે સર્વે નં. ૪૪૭ પૈકી ૧ અને સર્વે નં. ૪૮૧ વાળો સર્વે નંબર ચાલે છે.તેમજ વણા અને ઘણાદ બંને માં આવેલ જમીન એકજ સીમાડે આવેલ છે. તેમજ વણાની સીમમાં સર્વે નં. ૧૮૬ પૈકી ૧ વાળુ ખેતર પણ તેમના પિતાશ્રી ના ભાગમાં આવેલું અને તે તેમના પિતાશ્રીનાં નામે રેવન્યુ રેકર્ડમાં ચાલે છે.તેમજ તેઓએ એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે તેમના પિતાશ્રી હયાત હતા ત્યાં સુધી તેઓ ખેતી કરતા હતા. તેમજ તેઓને અને વાદી ની વચ્ચે કોઈ વાંધો તકરાર છે નહિ તેમજ પ્રતિવાદીઓ ના ઘરે લગ્ન પ્રસંગમાં વાદી ને કે તેમના દિકરાને અને તેમના પતિને બોલાવવામાં આવેલ નહિ. તેમજ તેમના પિતાજી એ અમને બે ભાઈઓને જે વહેચણ કરેલું તેમાં વાદી ને કોઈ જમીન આપેલ નહિ. તેમજ તેમના પિતાજીંને વાદી અને તેમના પતિ સાથે વધારે લગાવ હતો અને સારી લાગણી હતી. સાહેદ સ્વેચ્છા એ જણાવે છે કે તેમના પિતાને બધા સાથે સારો લગાવ હતો. તેમજ તેમના પિતાજી એ તેમના પૈસા તેમના બનેવી ના ખાતામાં મુકેલા અને તેમના બનેવી એ તેમના પૈસા તેમના પિતાજી ના ખાતામાં મુકેલા તેવા વ્યવહાર પણ થયેલા. તેમજ તેમના બહેનને તેમના પિતાશ્રી પર પુરેપુરો વિશ્વાસ હતો. તેમજ મણીલાલ ઈશ્વરભાઈ રહે. લખતર તથા ઈશ્વરભાઈ ગાંડાભાઈ રહે. રાજચરાડી સાથે તેઓને કોઈ મન દુઃખ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મણીલાલ ઈશ્વરભાઈ રહે. લખતર તથા ઈશ્વરભાઈ ગાંડાભાઈ રહે. રાજચરાડી વાળા ને તેઓ ઓળખતા પણ નથી. તેમજ તેમના પિતાશ્રી વચ્ચે પૈસા નો કોઈ વ્યવહાર ન હતો. અમે કાયમ ખેતીની આવક એકબીજા લેતા હતા. તેમજ તેઓ તેમના પિતાશ્રી ના ખેતરોમાં થયેલ આવક તેમના ખાતામાં મુકતા, હવે કહે છે કે જે રકમ આપુ તે તેઓ ખાતામાં મુકતા નહિ દાન–ધર્માદો કરતા. આ રકમનો તેમના પિતાજી તેમની રીતે વહીવટ કરતા. તેમજ તેઓ વાદી ને તેમના ઘરે બોલાવતા નથી કે તેઓના કોઈ વ્યવહાર તેઓ કોઈ ભાઈઓ

એ કરેલ નથી. તેમજ તેઓ તેમની બહેનને કોઈ રકમ આપીશુ નહિ તેવુ તેમના પિતાશ્રી ને લાગેલ તેથી તેઓએ દાવાવાળુ વીલ કરી આપેલ. તેમજ આ વીલ તેમના પિતાજી એ મણીલાલ ઈશ્વરભાઈ તથા ઈશ્વરભાઈ ગાંડાભાઈ બે સાક્ષીઓની વચ્ચે કરેલ. તેમના પિતાજીનુ અવસાન થયું તે પહેલા તેઓને માનસિક બીમારી થયેલ હોય તેમજ તેઓએ તેઓને એકલા મુકેલ નથી અને તેઓની અમદાવાદ માનસિક રોગની દવા પણ ચાલતી હતી. તેમજ હાલનો કેસ થતા તેઓને નોટીસ આવેલ જેથી તેઓએ જવાબ રજુ કરેલ તેમજ તેઓએ આ જવાબમાં તેમના પિતાશ્રી અવસાન થયું તેના આઠ–દસ મહિના પહેલા માનસિક બીમારી અંગેની દવા ચાલતી તેવું જણાવેલ નથી તેમજ તેમના પિતાશ્રી ની મનાસિક બીમારી અંગેની સારવાર અંગેના બીલો તેઓએ આ કામે રજુ રાખેલ નથી. તેમજ તેમના પિતાજી સ્વસ્થ હોય અને માનસિક બીમાર ન હોય તેથી તેઓએ આવા બીલો રજુ રાખેલ નથી. તેમજ તેમના પિતાશ્રી સહિ કરતા ન હતા અંગુઠો કરતા. તેમજ તેમના પિતાશ્રી એ તેમના વ્યવહાર કરેલા હોય તેમાં અંગુઠા કરેલા હોય તેવા કાગળો તેઓની પાસે છે. તેમજ આવા કાગળો આ કામે રજુ રાખેલ નથી. ઘણાદ અને લખતર વચ્ચે આશરે પંદરેક કિ.મી નો રસ્તો છે. તેમજ તેઓના પિતાશ્રીની તબીયત ના સમાચાર પુછવા અવાર–નવાર તેમના બહેન અને બનેવી અવાર–નવાર આવતા. તુમજ તેમના બહેન તેમના પિતાશ્રીની જે જરૂરીયાત હોય તે વસ્તુઓ લેતા આવતા હતા. તેમજ તેમના પિતાશ્રીનું ધ્યાન અને સેવા ચાકરી તેમના બહેન અને બનેવી કરતા હતા. તેમજ હાલનો કેસ થયા ત્યાર બાદ તેમના બનેવી નો અકસ્માત થયેલ અને તેમને માથામાં વાગેલાની હકીકત તેઓ જાણે છે. તેમજ તેમની લાંબા સમય સધી સારવાર ચાલેલી. આ સારવાર કેટલો સમય ચાલેલી તેની તેમને ખબર નથી. તેમજ આ અકસ્માત થયા બાદ તેઓ તેમની ખબર પુછવા ગયેલ નથી. તેમજ તેમના બાપુજી એ આંક–૪૪ વાળુ લખાણ કરેલ છે. એ વાતની તેમને ખબર નથી કુ આંક–૪૪ વાળા લખાણ માં બે સાક્ષીઓ એ સહિ કરેલી. તેમને એ વાત ની ખબર નથી કે આંક–૪૪ વાળા લખાણ માં અંગુઠાનું નિશાન નાનજીભાઈ રણછોડભાઈ એ ઓળખાવેલ છે. તેમજ વાદી ને આ ત્રણ ખેતરો ન મળે તેથી વીલ થયેલ નથી તેમજ તેઓએ એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે વીલનું પ્રોબેટ ન મળે તેથી તેમના પિતાશ્રી ની માનસિક બીમાર હોવાની હકીકત તેઓ ખોટી જણાવતા હોવાનુ જણાવે છે.

**(૧૫)** આ કામે વાદીએ લખતર તાલુકાના ગામ ધણાદના ખાતા ન્.૨૭૪ થી રે.સ.નં.૪૪૭/પૈકી–૧ તથા રે.સ.નં.૪૮૧ તથા વણા ગામના રે.સ.નં.૧૮૬/પૈકી–૧ મા જણાવેલ ક્ષેત્રફળ મુજબનુ માપ તેમના પીતાએ તા.૨૪–૧૨–૦૮ ના રોજ કરી આપેલ વિલનુ પ્રોબેટ મેળવવા હાલનો દાવો દાખલ કરેલ છે. આ કામે દાવાવાળા રે.સ.નંબરના રેવન્યુ રેકર્ડ આંક–૭૨ વંચાણે લેતા નોંધ નં.૩૬૩ મુજબ કલ્યાણભાઈ વાલજીભાઈના નામે વણાના મારગવાળો ખેતર અને આંક–૭૩ મુજબ કલ્યાણભાઈ વાલજીભાઈના નામે ૧૮૬ વાળી જમીન અને આંક–૭૪ વંચાણે લેતા નોંધ નં.૧૧૧૭ મુજબ કલ્યાણભાઈ વાલજીભાઈ ગુજરી જતા તેમના વારસદારોમા રણછોડભાઈ કલ્યાણભાઈ, કરમશીભાઈ કલ્યાણભાઈ, રવજીભાઈ કલ્યાણભાઈ અને હરજીભાઈ કલ્યાણભાઈના નાનમ દાખલ થયેલ અનમુજબ આંક–૭૮,૭૮,૮૦,ચાણે લેતા, આંક–૭૮ મા નોધ નંબર–૧૮૭૧ તા. ૯–૬–૭૯ નારોજ વાદીના પિતા તથા તેમના અન્ય ભાઈઓએ ધરમેળે વહેચણી કરતા વણા ગામની સ.નં.૧૮૬ પૈકી એકર–૬–૩૨–ગુઠા જમીન રણછોડભાઈ કલ્યાણભાઈના ભાગે આવેલ અને આંક–૭૯ મુજબ નોંધ ન.૪૯૭ તા.૧૦–૪–૬૩ મુજબ સ.નં.૨૬૦ પૈકી–૨,૪ ૮૧,૧૩૮, ૯૭, ૨૬૦ પૈકી–૧, ૪૪૭, ૫૧૪, ૧૨૮, ૫૭૦, વાળા સર્વે નંબર રણછોડભાઈ કલ્યાણભાઈના નામે દાખલ કરવામા આવેલ. તથા આંક–૭૫,તથા આંક–૪૫,૪૭,૪૮ અને આંક–૮૯ મુજબ રણછોડભાઈ કલ્યાણભાઈના વારસોના નામ દાખલ થયેલા છે. જયારે આંક–૫૦, ૫૧, મુજબ સ.નં.૧૮૬ પૈકી–૧ વાળી જમીન રણછોડભાઈના ખાતે આવેલ તેઓનુ અવશાન થતા આંક–૭૫ મુજબ અને આંક–૭૬ મુજબ વારસાઈ નોંધ પાડવામા આવેલ છે. આમ, દાવામા જણાવેલ મિલકતોમા વાદી–પ્રતિવાદી તથા તેમના અન્ય ભાઈ બહેનો ત્રિભોવનભાઈ રણછોડભાઈ પટેલ વસંતબેન રણછોડભાઈ પટેલ તથા વાલીબેન રણછોડભાઈ પટેલના નામ દાખલ થયેલ છે.આમ, આ કામે પ્રતિવાદીએ એવી રજુઆત કરેલ છે કે દાવાવાળી જમીન વડીલોપાર્જીતહોય તેનુ વીલ થઈ શકે નહી જયારે વાદી તરફે એવી રજુઆત કરી છે કે, ગુજ.રણછોડભાઈએ તેમની બધી જમીનની વહેચણી કરી દીધેલ હોય તેમની પાસે રહેલ જમીન વાવડાની જમીન તેમની સ્વતંત્ર માલીકીની મિલકત રહેલ છે અને તેનુ તેઓ વિલ કરી શકે. આ કામે હિન્દુ સકશેશન એકટની કલમ–૩૬૭ જોઈએ તો તે નીચે મુજબ છે.

367. What property may be bequeathed by will

(1) Prior to the coming into operation of the Hindu Succession Act, 1956. it was a rule firmly established that a Hindu cannot by will, bequeath property which he could not have alienated by gift inter vivos (357). In the Vailliammai Achi v. Nagappa Chettiar, the Supreme Court pointed out that a father in a Mitakshara family has a very limited right to make a will and the mere fact that the father after making some dispositions, gave the residue to his son and the son took out probate and carried out the wishes of the father, would not change the nature of the joint family property. even after the Succession Act,1956, a Hindu cannot by will, so dispose of his property, so as to defeat the legal right of his wife or any other person to maintenance. Reference may be made to s18-22 of the Hindu Adoptions and Maintenance Act, 1956.

(2) Section 30 of the Hindu Succession Act,1956, permits a member of a Mitakshara coparcenary to dispose of by will, his undivided interest in the coparcenary property. Reference may be, made to notes under that section

According to Mitakshara law, no coparcener, not even a father, could dispose of by will his undivided coparcenary interest, even if the other coparceners consented to the disposition, the reason being that:...at the moment pf death, the right of survivorship (of the other coparceners) is in conflict with the right by devise. Then the title by survivorship being the prior title, takes precedence to the exclusion of that by devise.

A Sole surviving coparcener could, however, bequeath the joint family property as if it was his separate property. આ કલમ મુજબ હિન્દુ કાયદા હેઠળ સમાનસીત ની મીલકતમાનુ અવિભાજય હિત અન્યને ટ્રાન્સફર કરી શકાતુ નથી. પરંતુ આ કામે ગુજ.રણછોડભાઈની તમામ મિલકતની વહેચણી થઈ ગયેલ હોય પ્રતિવાદીની દલીલ હાલના કામે લાગુ પડી શકે તેમ નથી.

**(૧૬)** આ કામે એ.આઈ.આર.૨૦૦૫ સુપ્રિમ કોર્ટ પાના નં.૨૩૩ દોલતરામ અને બીજા વિરુધ્ધ શોઢાં અને બીજાનો ચુકાદો રજુ રાખેલ છે અને વીલ શંકાસ્પદ સંજોગોમા થયેલ છે તેવુ જે પક્ષકાર કહે ત્યારે તેની પર સાબીતીનો બોજો રહે છે.

જે દલીલના સર્મથનમા તેઓએ એ.આઈ.આર.૨૦૦૮ સુપ્રિમ કોર્ટ પાના નં.૩૦૦ સાવત્રી અને બીજાં વિરૂધ્ધ કરથ્યાયાની અમ્માઅને બીજાનો ચુકાદો રજુ રાખેલ છે. વંચાણે લેતા  તથા કલ્યાણસીહ વિરુધ્ધ શ્રીમતી છોટી એ.આઈ.આર.૧૯૯૦ (એસ.સી.)પાના નં.૩૯૬ નો ચુકાદો વંચાણે લઈએ તો આ કામે આંક–૨૪ થી વિલ રજુ રાખેલ છે. તેમા શાઅ કરનાર સાક્ષીએ આંક–૬૨ અને આંક–૬૪ થી જુબાની આપેલ છે. તેઓએ વિલમા તેઓની શાખ કરેલાની હકિકતજણાવેલ છે પરંતુ થયેલ જુબાની મુજબ તેઓ વાદીના પતી નાનજીભાઈના ઓળખીતા અને સગા જણાઈ આવે છે અને આ કામે વાદીની આંક–૬૦,થી થયેલ જુબાનીમા તેઓએ જણાવેલ છે કે, તેમનામાતા પિતા તેમના ભાઈ કનૈયાલાલ પાસે રહેતા હતા અને કનૈયાલાલ તેમની દેખરેખ રાખતા હતા. અને તેઓ ગુજરી ગયાના ૨૦–૨૫ વર્ષથી ખેતી કામ કરતા ન હતા. સ.નં.૪૮૧, ૪૪૭, પૈકી–૧ અને ૧૮૬ વાળાખેતરો કનૈયાલાલ ખેડતા હતા. વાદીએ કયારેય ખેડેલ નથી. આમ, વાદી તેમના માતા–પિતાની સાર સંભાળ રાખતા હોય તેઓ કોઈ આધાર પુરાવો આ કામે રજુ રાખેલ નથી. અને વાદી રણછોડભાઈ કલ્યાણભાઈના ભરોસાપાત્ર અને વધારે લાગણી ધરાવતા સંતાન હોય તેવુ પણ થયેલ જુબાની જોતા જણાઈ આવતુ નથી. વાદીએ તેમની ઉલટ તપાસમા જણાવેલછે કે તેમના પતીની નિવૃતીની રકમ તેમના પિતાના નામે મુકેલ હોય તે રકમ ઉપાડવા માટે અવાર નવાર તેમના પીતાનો અંગુઠો લેવા તેમના પીતા પાસે જતા હતા. અને સાહેદ મણીલાલ તેમના પતિની જમીન ખેડતા હતા અને કાયમી ખેડુત હતા અને સાહેદ ઈશ્વરભાઈ ની સાથે તેમના પતીને નાણાકીય વ્યવહાર હતા.  આ કામે સાહેદોની થયેલ જુબાની અને વાદીએ આપેલ જુબાની જોતા, અને આ આંક–૪૪ ના વિલ લખનાર વાદીના પતી થતા હોય અને તેઓએ આ કામે સોગંદ ઉપર જુબાની આપી વિલની હકિકતો અને વિલ કયા સંજોગોમા થયેલ તે અંગે કોઈ વિગત જણાવેલ નથી. આમ, વિલ લખનાર વાદીના પતી હોય  આમ તેઓ હિત ધરાવનાર જણાઈ આવે છે અને થયેલ જુબાની જોતા વિલ શંકાસ્પદ સંજોગોમા થયેલાનુ જણાઈ આવે છે. આમ, આ ચુકાદા મુજબ આંક–૪૪ નુ વિલ શંકાસ્પદ સંજોગોમા થયેલાનુ પ્રતિવાદીએ સાબીત કરેલ હોય કરેલતેમજ દાવામા જણાવેલ મિલકતોમા વાદી પ્રતિવાદી સિવાય તેમના અન્ય ભાઈ બહેનના નામ વારસદાર તરીકે દાખલ થયેલ હોવા છતા વાદીએ તેઓને આ કામે પક્ષકાર તરીકે જોડેલ નથી. આમ, ઉપર  ચર્ચા મુજબ  મુદા નં.૧ અને ૫ નો

નિર્ણય નકારમા તેમજ મુદા ન.૨ થી ૪ નો નિર્ણય હકારમા આપી મુદા નં.૬ અન્વયે નીચે મુજબનો આંખરી હુકમ કરવામા આવે છે.

## /// હુકમ ///

- વાદીનો દાવો નામંજુર કરવામાં આવે છે.
- દાવાનું ખર્ચ પક્ષકારોએ જાતે ભોગવવુ.
- હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ આજરોજ તાઃ ૧૮ મી માહે ફેબ્રુઆરી સને ૨૦૨૦ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**(સુનંદા પ્રશાંત દુલેરા)**
**પ્રિન્સીપાલ સિનીયર સિવિલ જજ**
**સુ રે ન્દ્ર ન ગ ર.**
**કોડ નં : જીજે૦૦૮૮૭**

**તાઃ૧૮/૦૨/૨૦૨૦**
**સ્થળ : સુરેન્દ્રનગર.**